ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



લક્ષ્મીબેન પી મકવાણા
મો. ૯૬૩૮૪ ૯૯૭૧૮



મંત્ર જૈમિન વૈદ્ય
મો. ૯૮૨૫૪ ૮૮૪૦૮



માનવ જૈમિન વૈદ્ય
મો. ૯૮૨૫૪ ૮૮૪૦૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ધોરણ-૧૨ પછી કોમ્પ્યુટર ક્ષેત્રની પસંદગી ઉજ્જવળ કારકિર્દી માટે ઉત્તમ પસંદગી

ગાંધીનગર, તા.૨૯

ભારતનાં તમામ રાજયોમાં અત્યારે શાળા કૉલેજોના પરિણામ જાહેર થઈ જતા, ઉજ્જવળ કારકિર્દી માટે આગળ કેવા ક્ષેત્રમાં અભ્યાસ કરવો તે વાલી અને વિદ્યાર્થી બંને માટે વધુ ચિંતાનો વિષય છે. ધો.૧૨ પછી ઉજ્જવળ કારકિર્દી માટે ઉપલબ્ધ દરેક વિકલ્પો પૈકી કોમ્પ્યુટરનો વિષય ઉત્તમ છે. આજના ઈન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેકનોલોજી/મોબાઈલના આ યુગમાં જાણે બધું જ આંગળીના ટેરવે થઈ ગયું છે એનું મૂળ કારણ કોમ્પ્યુટર છે. કોમ્પ્યુટરની શોધ થઈ ત્યારથી આજદિન સુધી તેનો સતત વિકાસ થતો રહ્યો છે અને રહેશે, આજે દુનિયાનું કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં કોમ્પ્યુટરનો ઉપયોગ ન હોય અને તેથી જ કોમ્પ્યુટરનું જ્ઞાન હોય તેવા યુવાનો માટે આજે નોકરી અને ધંધામાં અગણિત તકો ઉપલબ્ધ છે. ગુજરાતમાં એંસીના દાયકામાં જયારે કોમ્પ્યુટરનો અભ્યાસક્રમ શરુ થયો ત્યારે માત્ર સાયન્સના વિદ્યાર્થીઓ જ કોમ્પ્યુટરનો અભ્યાસ કરી શકતા હતા. ધો.૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઓછા વિકલ્પો હતા અને ટેકનિકલ ક્ષેત્રે તો લગભગ નહીવત તકો હતી. ૮૦-૯૦ ના દાયકામાં ધો.૧૦ પછી વિદ્યાર્થી એક વખત કોમર્સ કે આર્ટ્સના વિષયો પસંદ કરે પછી તેને ટેકનિકલ વિષયો ભણવાની તક લગભગ મળતી ન હતી. પરંતુ આજે સમયની સાથે ધો.૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ ટેકનિકલ વિષયોમાં એટલે કે કોમ્પ્યુટર ક્ષેત્રના વિષયોમાં અભ્યાસની તકો ઊભી થઈ છે.

સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્રના ઉપલબ્ધ વિકલ્પમાં બીસીએનો અભ્યાસ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. કારણ કે આજે બીસીએના અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાએ જરુરી તમામ પાસાઓ જેવા કે ઓફિસ ઓટોમેશન, ડેટાબેઝ મેનેજમેન્ટ કમ્યુનિકેશન સ્કીલ, ઓડિયો વિઝ્યુઅલ, મલ્ટીમીડિયા, પ્રોગ્રામિંગ વગેરેને આવરી લેવાયા છે અને તેથી સોફ્ટવેર ડેવલપમેન્ટની મલ્ટીનેશનલ કંપનીઓમાં, બેંકોમાં, વીમા કંપનીઓમાં, ટેલિકોમ્યુનિકેશનમાં કે કોઈ પણ સરકારી નોકરીઓમાં કોમ્પ્યુટરના નિષ્ણાતોને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. ભારત સરકાર દ્વારા આજે મેક ઈન ઈન્ડિયા અને ડીઝીટલ ઈન્ડિયા જેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે ત્યારે આ ક્ષેત્રના વિકાસમાં કોમ્પ્યુટર નિષ્ણાતોની પ્રથમ જરુરીયાત ઊભી થઈ છે તે અંત્યંત સ્વાભાવિક છે. ગુજરાતીઓ માટે ધંધો તો જાણે ગળથૂંથીમાં હોય છે, ગુજરાતીઓ પહેલેથી જ નોકરી કરવા કરતાં નોકરી માટે તકો ઊભી કરવા માટે જાણીતા છે.

આજે કોમ્પ્યુટર અને તેને લગતા સાધનો ખુબ જ સસ્તાં હોવાથી કોમ્પ્યુટર ક્ષેત્રે સામાન્ય જ્ઞાન ધરાવતા યુવાનો માટે પણ ઓછા મૂડી રોકાણથી કોમ્પ્યુટર ક્ષેત્રે પોતાનો બિઝનેશ શરુ કરી શકે છે. આ ઉપરાંત બીસીએ પછી અનુસ્નાતક કક્ષાએ ઉચ્ચ અભ્યાસ માટે પણ અસંખ્ય તકો રહેલ છે. જેમ કે ત્રણ વર્ષનો એમ.સી.એ. નો અભ્યાસક્રમ માટ બે જ વર્ષમાં પુરો કરી શકાય છે. તેમજ એમ.બી.એ., એમ.એસસી. આઈ.ટી., એમ.એસસી. ફોરેન્સિક સાયન્સ, સી.એ, સી.એસ., વિ.માં વધુ અભ્યાસ કરી શકાય છે. વધુમાં બીસીએ પાસ કરેલા વિદ્યાર્થીઓ યુપીએસસી કે જીપીએસસીની વર્ગ-૧ની પરીક્ષા આપી સરકારી નોકરીમાં પણ તક પ્રાપ્ત કરે છે અને તેથી જ ધો.૧૨ સામાન્ય પ્રવાહ/વિદ્યાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે તમામ ક્ષેત્રે ઉજ્જવળ તકો ધરાવતો બીસીએનો અભ્યાસક્રમ ઉજ્જવળ કારકિર્દી માટે શ્રેષ્ઠ વિકલ્પમાં અગ્રેસર મૂકી શકાય.

આજે સાયન્સના વિદ્યાર્થીઓ પણ કોમ્પ્યુટર વિષયને પસંદગીમાં અગ્રેસર મુકે છે. આપણે જાણીએ છીએ કે ભારતના તેજસ્વી વિદ્યાર્થીઓ આઈઆઈટી, એનઆઈટી કે બીઆઈટીએસ જેવી સંસ્થાઓમાં અભ્યાસ કરવાનું પસંદ કરે છે અને કોમ્પ્યુટર વિષયને પ્રસંદગી આપે છે. આમ કોમ્પ્યુટર વિષય ઉજ્જવળ કારકિર્દી માટે ઉત્તમ પસંદગી સાબિત થઈ શકે છે.

જે વિદ્યાર્થીઓ વિદેશમાં નોકરી કે ધંધો કરવા ઈચ્છે છે તેઓએ કોમ્પ્યુટર અભ્યાસક્રમ વધુ ઉપયોગી સાબિત થઈ શકે છે કારણ કે દુનિયાના કોઈ પણ દેશમાં કોમ્પ્યુટર ક્ષેત્રમાં મેળવેલી જાણકારી સીધી જ ઉપયોગમાં આવે છે જયારે કેટલાક ક્ષેત્રે ઊંડાણમાં જાણકારી હોવા છતાં વિદેશમાં ફરીથી અભ્યાસ કરવો પડે છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહના તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

## પીએમઓ ઈન્ડિયા વેબસાઈટ બહુભાષીય બની



ગાંધીનગર, તા.૨૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સત્તાવાર વેબસાઈટ www.pmindia.gov.in હવે બહુભાષીય બની છે. હવે આ વેબસાઈટ અંગ્રેજી અને હિન્દી ઉપરાંત છ ભાષાઓમાં ઉપલબ્ધ બની શકશે - બંગાળી, ગુજરાતી, મલયાલમ, મરાઠી, તમિલ અને તેલુગુ. વેબસાઈટનું વિમોચન આજે વિદેશી બાબતોના મંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજે કર્યું હતું.

મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ પહેલ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકો સુધી પહોંચવાના તેમજ તેમની સાથે તેમની પોતાની ભાષામાં વાતચીત કરવાના હાથ ધરાયેલા પ્રયત્નોના ભાગરૂપે છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ પગલું પ્રધાનમંત્રી અને દેશના તમામ હિસ્સાઓના લોકો વચ્ચે તેમના કલ્યાણ અને વિકાસને લગતા મુદ્દાઓ અંગે સંવાદ વધારશે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વેબસાઈટની અન્ય પ્રાદેશિક ભાષામાં આવૃત્તિઓ તબક્કાવાર રીતે ઉપલબ્ધ બનશે.

છ પ્રાદેશિક ભાષાની વેબસાઈટસ નીચેની લિન્ક્સ પરથી એક્સેસ કરી શકાશે : જેમાં ગુજરાતી : www.pmindia.gov.in/gu રહેશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦

## સાયન્સ કોલેજોની ૭૫૦૦ બેઠકો માટે ૧૭૦૦૦ રજિસ્ટ્રેશન થશે

અમદાવાદ, તા.૨૯

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૨૨ સાયન્સ કોલેજોની ૭૫૦૦ બેઠકો પર પર પ્રવેશ માટે અત્યાર સુધીમાં ૧૦ હજાર વિદ્યાથીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. આગામી ગુરુવાર સુધી રજિસ્ટ્રેશન ચાલુ રહેવાનું છે કે દર વર્ષે સાયન્સમાં પહેલા તબક્કામાં પ્રવેશમાં ભારે ધસારો થતો હોય છે. પરંતુ મેડિકલ-ઈજનરીના પ્રવેશ શરૂ થતાની સાથે જ પહેલા તબક્કામાં પ્રવેશ લેનારા વિદ્યાથીઓ બેઠકો ખાલી કરી દેતાં હોય છે. આ રીતે ગણતરી કરીએ તો પણ જે

**૨૨ કોલેજોની બેઠકો માટે અત્યાર સુધીમાં ૧૦ હજાર રજિસ્ટ્રેશન થઈ ગયા : ગુરુવાર સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલુ રહેશેઃ પ્રવેશ માટે ધસારો નહીં થાય**

હોવાથી અંદાજે ૧૭ હજાર વિદ્યાથીઓનું રજિસ્ટ્રેશન થાય તેવી શકયતા છે. સાયન્સમાં પ્રવેશ માટે હાલ ૧૩ સ્વનિર્ભર કોલેજો અને ત્રણ સરકારી અને ૬ ગ્રાન્ટેડ કોલેજો મળી ૨૨ કોલેજો ઉપલબ્ધ છે. આમ બેઠકો કરતાં અઢી ગણા વધુ વિદ્યાથીઓ રજિસ્ટ્રેશન કરાવે તેવી શકયતા છે. જોકે, આ સ્થિતિમાં સાયન્સમાં પ્રવેશ માટે કોઈ સમસ્યા ઊભી થાય તેમ નથી.

સાયન્સ પ્રવેશ સમિતિના કન્વીનર ડો. બી.કે. જૈન કહે વિદ્યાથીઓ પ્રવેશ લેશે તે પૈકી ૫૦ ટકા વિદ્યાથીઓ જતાં રહેશે તેવું માની લઈએ તો સાયન્સની બેઠકો ખાલી પડશે નહીં. અગાઉ બીજા તબક્કામાં સાયન્સ કોલેજોએ વિદ્યાથીઓ શોધવા જવા પડતાં હતા તેવી સ્થિતિ ઊભી થવાની કોઇ શકયતા નથી. રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી થયા બાદ ચોથી જૂનના રોજ પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરાશે. તેના આધારે છઠ્ઠી જૂનના રોજ ફાઈનલ મેરિટલિસ્ટ જાહેર કરવાનું નક્કી કરાયું છે.

## ચૈતન્ય સ્કૂલના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનું અદ્‌ભૂત પરિણામ

ગાંધીનગર, તા.૨૯

ચૈતન્ય સ્કૂલનું ધોરણ-૧૦નું સીબીએસઈનું પરિણઆમ ૧૦૦ ટકા જાહેર થતા સ્કૂલમાં આનંદનું મોજું ફરી વળ્યું. આ સ્કૂલના ૩૮ ટકા વિદ્યાર્થીઓએ સીજીપીએથી ઉપરાંત ગુણ મેળવ્યા, જયારે ૧૫ ટકા વિદ્યાર્થીઓએ પોતાનું શ્રેષ્ઠ પરિણામ બતાવી ૧૦ સીજીપીએ પ્રાપ્ત કરેલ છે.

શ્રી વિદ્યાનિકેતન ટ્રસ્ટ કે જેનું દૂરદાર્શિક હેતુ વિદ્યાર્થીઓને સાફલ્યવાદી વિકાસ આપવાનો છે તેના પર ચૈતન્ય સ્કૂલ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે. અને આ સાફલ્યવાદી વિકાસ દરેક વિદ્યાર્થીઓને હક્ક છે.

શાળાના આ અદ્‌ભૂત અને જળહળતા પરિણામ માટે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટના સતત પ્રયત્નો પર આધારિત છે.

## સોલા ચાર રસ્તાના ચોકને પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજી નામાભિધાન

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગોતા વોર્ડમાં સોલા ચાર રસ્તા-અષ્ટમંગલ મહાદેવ પાસે આવેલા ચોકનું નામાભિધાન મેયરશ્રી ગૌતમ શાહના વરદ્ હસ્તે શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી (પૂ. દાદાજી) ચોક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલાના શ્રી ભાગવત ઋષિ, શ્રીમતી પ્રમોદાબેન સુતરીયા, ડે. મેયરશ્રી પ્રવીણ પટેલ, ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી, શ્રી બિપીન સિક્કા સહિત શહેરના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગરવી ગુજરાતના વડોદરા પ્રાંતના પાદરા તાલુકામાં આવેલ સાધી ગામમાં આર્યજીવન જીવી સંતસેવા માતા-પિતા શ્રી દલસુખરામભાઈ રણછોડભાઈને



ત્યાં આપનો જન્મ થયો. બચપણથી જ ભગવત્સેવામાં રસરૂચિ દાખવતા. પિતાજીની આજ્ઞાથી સંસ્કૃત શાસ્ત્રભ્યાસ સ્વીકારી વેદાન્ત વ્યાકરણ મીમાંસા જેવા વિષયોમાં નિપુણતા કેળવી શ્રીમદ્ ભાગવતજીને જીવનનો આધાર બનાવી જીવન પર્યંત સંપર્કમાં આવેલા અનેક જીવોને ભગવન્મય અને ભાગવતમય બનાવ્યા.

પ.પૂ. દાદાજી સર્વ વૈષ્ણવ સમાજના ક્ષિતિજ પર સૂર્ય સમાન ઉદયમાન હતા અને પોતાના જ્ઞાનદીપથી ભક્તિની ચિનગારીથી સેવાના પ્રકાશથી સર્વજગતને આલૌકિત કર્યુ. આ દિવ્ય પ્રકાશમાં વેદ-ભક્તિ-ગીતા-સેવા-સમર્પણ-સાધુતા-સમરસતા-વાત્સલ્ય-સ્નેહ-તેમની કિશ્રણો પ્રસ્ફુટિત થતી હતી. તેઓ આ યુગના ભીષ્મ પિતામહ સમા હતા, જેમણે સમગ્ર જીવન સર્વ લોકોની પીડા દુખ-દર્દના શૂલબાણથી પોતાની શરીરને છલણી કરી દીધુ. તેઓ શ્રીકૃષ્ણ અને શ્રી વલ્લભના અનન્ય ઉપાસક હતા.

# ગુરુના જીવનની બારીકાઈ મને પ્રેરિત કરે છે

**સંવેદના – મારા ગુરુ ગૌરવશાળી**

### જ્ઞાન સરિતાના વાહક ગુરુમા સમાનંદ સરસ્વતી

ગુરુમા - ગાંધીનગરના પાદરે જ્ઞાનની ધૂણી ધખાવીને બેઠેલ એક સંત વિભૂતિ છે.

નાનપણથી જ સંસાર પ્રત્યે વિરક્તિ કેળવી ધર્મ અને શાસ્ત્રોનાં ઊંડા અભ્યાસ અને ગુરુભક્તિમાં તન્મય થનાર સ્વામી સમાનંદ રસસ્વતી તેમના સાધકો માટે તો આદરણીય છે જ પરંતુ ખરેખર તો ગાંધીનગર માટે એક ગૌરવ છે.

હિન્દુ શાસ્ત્રોમાં ગીતા એ જીવન જીવવાની સાચી અને પૂર્ણ માર્ગદર્શિકા છે, તેને સમજવાની જરુર છે અને ગુરુના પોતાની સાદી સરળ અને શીરાની જેમ ગળે ઉતરી જાય તેવી શૈલીમાં તે સાધકોને સમજાવે છે. ગીતા માત્ર સાંભળવા કે સમજવા પૂરતી નથી, તે તો જીવનમાં અમલમાં મૂકવાથી બેડો બાર કરી દે તેવું મહામુલું ઔષધ છે. ગુરુમા આ ઔષદનું રસપાન કરાવે છે ત્યારે સાધક ભાવુક અને તન્મય બની જાય છે.

સમદર્શન આશ્રમ ગુરુમાનું કાર્યક્ષેત્ર છે, યુવાન વિકાસ તેનો ધ્યેય છે. ધર્મ અને પ્રભુ પ્રાપ્તિનો માર્ગ એનું લક્ષ છે, અહીં આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની હોડ છે.

નદીને માતા કહેવાય, છે, જ્ઞાન સરીતાનાં વાહક ગુરુમા સમાનંદ સરસ્વતી એટલે જ સાચા અર્થમાં છે, ગુરુમા છે.

- નટુભાઈ ગજ્જર, સેક્ટર-૨૯

### ગુરુના જીવનની બારીકાઈ મને પ્રેરિત કરે છે

મારા જીવનમાં પાંચ ગુરુઓનું ખુબ જ મહત્ત્વ છે. જેઓ દ્વારા મને મળેલ અનમોલ જ્ઞાનની ભેટ છે.



તેમાં પ્રથમ મારા માતા કમળાબેન વાઘેલા જેઓ અત્યારે પણ મને જીવનમાં ખુબ સારા માનવી બનવાની પ્રેરણા આપી રહ્યા છે. 'ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત થાય ત્યાં સુધી મંડ્યા રહો' તે સૂત્ર તેમને મને સ્વામી વિવેકાનંદના જીવન પરથી પ્રેરિત થઈને આપ્યું છે. પોતાની પુત્રીને એડવોકેટ બનાવી તથા એલ.એલ.એમ. કરાવી અને પીએચ.ડી. સુધી અભ્યાસ માટે પણ માતાએ મને ખુબ જ પ્રોત્સાહિત કરી છે.

બીજા ગુરુ મારા દાદાઓ જેમાં પ્રથમ દાદા છગનલાલ કાળીદાસ વાઘેલા અને બીજા દાદા ધુળાલાલ ચૂથાલાલ વાઘેલા છે, તેમના પુત્રો પાંચ (૧) તા.વિ. અધિકારી (૨) તલાટી.

શિક્ષણને જાણે ધોધ મારા પિયરમાં વહેતો રહે છે. ૧૯૪૨માં તેઓએ ગામમા ત્રણ માળના પાકા મકાનો બનાવ્યા હતા. અને મિલમાં ચાલીને જતા હતા. આ તેમના જીવનની બારીકાઈ મને ખુબ જ પ્રેરિત કરે છે.

ચોથા ગુરુ દિલિપસિંહ વાઘેલા (એડવોકેટ). નાની ઉંમરના એડવોકેટ હોવા છતાં મને તેમણે ખુબ જ જ્ઞાન આપ્યું છે અને આપતા રહે છે, તેમણે મને એક સૂત્ર આપ્યું હતું. 'આપણે પર્વત જેવું બનવું જોઈએ જેથી આપણને ટકરાતી તમામ મુસીબતો ચુરચુર થઈ જાય.'

અને પાંચમાં મારા પતિ જેઓએ મને પ્રથમ ભેટ તરીકે 'ગીતા'ની ચોપડી ભેટ આપી. તે મારા પતિ સાથે સાથે સારા મિત્ર પણ છે. 'લોકોના અપશબ્દો કપડા પર પડેલ ધૂળની જેમ ખંખેરી કાઢવા' તેમનો આ બોધ ભરેલ સવાદ આજે પણ દરેક ક્ષણ મને પ્રેરિત કરે છે.

આ પાંચેય ગુરુઓને મારા અંતરથી વંદન.

- વાઘેલા અમિતા જે.
પેથાપુર

### ગુરુ એ જે ખોટા રસ્તેથી પાછા વાળી શકે

ભગવાનની કૃપા હોય તો જ આ ઘોર કળીયુગમાં કોઈ સારા ગુરુની





પ્રાપ્તિ થઈ શકે અને ભગવાને મારા પર કૃપા કરી અને મને એવા સદ્‌ગુરુનો મેળાપ કરાવી આપ્યો કે જેમણે મને મા-બાપથી પણ અધિક સાચવ્યો, મને સારા સંસ્કારો આપ્યા. 'માબાપ'ની સેવા એ જ ભગવાનની સેવા એ અમુલ્ય વાત શીખવી. એવા સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય જ્ઞાની સંત અને મારા ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી. પોતે ખૂબ જ વિદ્વાન સંત છે, ૪૫ થી વધુ લોકભોગ્ય પુસ્તકોની રચના કરી છે ૫૦૦ થી વધુ પારાયણો કરી છે છતાં તેઓના જીવનમાં કયારેય અહંકાર જોવા મળ્યો નથી. મારાગુ ગુરુનો એક સંદેશ છે જેને તમામ યુવાનોએ જીવનમાં ઉતારવા જેવો છે. જો ઉતારશો તો કયારેય કોર્ટ-કચેરીના ધક્કા નહીં ખાવા પડે. તો સાંભળો...

'મારા સદ્‌ભાવી સ્નેહી યુવાનો!

તમારા સુખ માટે આટલું સ્મરણમાં રાખો.
સદાચાર અને સમાદાન ઘરની શોભા છે.
સંઘર્ષ ઘરની શોભા નથી. સંઘર્ષથી શક્તિનો વ્યય થાય છે
જયારે સમાધાનથી શક્તિનો સંચય થાય છે અને એવા
સમાધાનકારી ઘરમાં જ પ્રભુનો વાસ થાય છે.'

જીવનમાં કોઈ એક એવા ગુરુ જરુર રાખતો કે જે તમને ખોટા રસ્તેથી પાછા વાળી સાચો રસ્તો બતાવે. અને એવા ગુરુની બધી વાતો માનશો અને જીવનમાં ઉતારશો તો જીવનમાં સુખી થશો

- નિરવ બી.પટેલ

### શિસ્ત, સંયમ અને સ્નેહના પાઠ ભણાવતાં ગુરુજી



ત્યજી જાતિ જ્ઞાતિના ભેદ કર્યુ વિદ્યાદાન તમે
નિસ્પૃહી સ્નેહાળ ને આદરણીય સદા રહ્યા તમે
વહેવેડાવી જ્ઞાનગંગા સંસ્કારની સદા પ્રેમથી તમે
શિસ્ત સંયમ ને સ્નેહના પાઠ ભણાવ્યા સૌને તમે
ભાતૃભાવનાને રાષ્ટ્ર ભાવના મારામાં ખિલવી તમે
માતાપિતા સમ પ્રાતઃ સ્મરણીય મારા બની ગયા તમે
નિભાવી ગરિમા ગુરુની પથદર્શન મારા બની ગયા તમે
ગુરુ ગૌરવશાલી દિલમાં મારા સદા વસી ગયા તમે

સત્યનીષ્ઠ ને
નિરાભિમાની સદા
ગુરુજી મારા

ગૌરવશાળી
હિતૈષિ સૌના સદા
ગુરુજી મારા

છે મિતભાષી
સ્નેહી સૌજન્યમૂર્તિ
ગુરુજી મારા

શ્રેષ્ઠ શિક્ષક
મારા માતાને પિતા
આપ્યા સંસ્કાર

રહી પવિત્ત
આવે વિદ્યા સંસ્કાર
સાચો શિક્ષક

સંસ્કારી શિષ્યો
કરે ગુરુ વંદના
શિક્ષક દિને

- ઈશ્વરલાલ દેવશંકર જોષી
સેક્ટર-૪ડી

### જલારામબાપા મારા પ્રેરણાસ્ત્રોત

ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય,
બલિહારી ગુરુ આપકી જિસને ગોવિંદ દિયો બતાય...

જીવનમાં ગુરુનું મહત્ત્વ કેટલું છે તે ઉપરોક્ત વાક્ય પરથી જ સમજી શકાય છે.


જીવનમાં કોઈ એક એવી મહાન વ્યક્તિ પણ હોય છે જેના સત્કાર્યો આપણને પ્રભાવિત કરે છે. એવી એક મહાન વ્યક્તિ છે વીરપુરના વાસી શ્રી જલારામ બાપા - જેમને હું મારા ગુરુ માનું છું. જેમણે 'રામમંત્ર' આપેલ છે. તેઓ મારા માટે ખુબ જ આદરણીય છે. જીવનમાં એમનું એક જ ધ્યેય હતું 'અન્નદાન મહાદાન'. ભૂખ્યાને ભોજન એ એમનો જીવનમંત્ર હતો.

મારી શક્તિ, મારી હિંમત બળ કે આત્મવિશ્વાસ જો મને કયાંકથી મળતાં હોય તો એ મારા ગુરુ શ્રી જલારામબાપા તરફથી જ મળે છે. તેઓ મારા પ્રેરણાસ્ત્રોત છે.

પ્રફુલ્લા પરેશ ખંધડિયા
સેક્ટર-૨

### મારા ગુરુએ દરેક મુશ્કેલીમાં સાથ આપ્યો છે

મેં પાંચ ગુરુ બનાવ્યા છે. પહેલા ગુરુ 'કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્' જેણે



ગુરુ ન બનાવ્યા હોય તેમણે કૃષ્ણને ગુરુ બનાવવા જોઈએ. કારણ તેમણે આપણને ગીતા આપી છે. દરેક પ્રશ્નોનું માર્ગદર્શન ગીતામાં મળે છે.

● મારા બીજા ગુરુ મેંદરડાના બાપુ જેમણે મને કંઠી પહેરાવી છેય

● મારા ત્રીજા ગુરુ પાડુરંગ શાસ્ત્રી (દાદા) તેઓ કોઈને કંઠી નથી પહેરાવતા પણ જીવન કેમ જીવવું તેનું માર્ગદર્શન આપે છે. જીવનમાં આનંદિત રહેવા માટે હંમેશા પોઝીટીવ વિચારવું. પોઝીટીવ વિચારશરણીથી અશક્ય વસ્તુ પણ પ્રાપ્ત કરી શકીએ છીએ.

● મારા ચોથા ગુરુ મારા પતિ લાલજીભાઈ ટાંક છે. જેમણે 'ધન્યો ગૃહસ્થાશ્રમ' કેમ બનાવવું. તેના જીવન ઉપરથી બતાવ્યું છે. રોટટોક નથી કરી. ઓફિસેથી આળીને સીધા મારા દાદાજી પાસે જાય તેમની સાથે પ્રેમથી વાતો કરે માંદગીમાં સેવા કરે. અને મને સેવા કરવાની પ્રેરણા મળી મારા સાસુ સસરાને પણ ખુબ માન, પાન, પ્રેમ, આપી સેવા કરી છે.

● મારા પાંચમાં ગુરુ મારો પુત્ર જયેશ છે. પિતાનું ધ્યેય આગળ વધારે છે. અમારા ઘરમાં અત્યારે ૭૬ વર્ષથી ૯૦ વર્ષ સુધી ૭ વ્યક્તિ તે મમ્મી-પપ્પા મોટા બાપુજી અને ફઈબા બધા સાથે પ્રેમથી મારા પુત્રવધૂ રીન્કુ અને જયેશ સેવા કરે છે. એનું કારણ જયેશ હંમેશા પોઝીટીવ જ વિચારે છે.

મારા આ પાંચ ગુરુએ મને ખુબ પ્રેમ મુશ્કેલીમા, માંદગીમાં હૂંફ આપ્યા છે. માટે પાંચને મારા શત્ શત્ વંદન. આવા પાંચ-પાંચ ગૌરવશાળી ગુરુ મળવા બદલ હું પ્રભુનો આભાર માનું છું.

- શ્રીમતી ચંદ્રિકા એલ. ટાંક, સેક્ટર-૨૩